મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૧ ટકા
ગાંધીનગર તાપમાન

પેટીએમએ ૩.૧.૪૭ લાખ કરોડ જીએમવીની સિધ્ધિ હાંસલ કરી

જુલાઈમાં ડિવાઈસીસની સંખ્યા ૮૨ લાખ સુધી પહોંચાડીને નવું સિમાચિહ્ન અંકિત કર્યું : રૂપિયા ૫,૧૯૪ કરોડના વિતરણ અને જુલાઈમાં રૂપિયા ૪૩ લાખ લોન વિતરણ સાથે લોન વિતરણનો વધતો વ્યાપાર

ગાંધીનગર, તા.૦૪

ભારતની અગ્રણી પેમેન્ટસ અને ફાયનાન્સિયલ સર્વિસીસ કંપની તથા મોબાઈલ અને ક્યુઆર પેમેન્ટસમાં પાયોનિયર પેટીએમે તેના જુલાઈ માસના બિઝનેસના પર્ફોર્મન્સની કામગીરીની જાહેરાત કરી છે. કંપનીએ જુલાઈ માસ દરમ્યાન ડિવાઈસીસની સંખ્યા ૮૨ લાખ સુધી પહોંચાડીને એક નવું સિમાચિહ્ન હાંસલ કર્યું છે, જે વાર્ષિક ધોરણે ૧૦૧ટકાની વૃધ્ધિ દર્શાવે છે. જુલાઈ માસ દરમ્યાન કંપનીની ગ્રોસ મર્કેન્ડાઈલ વેલ્યુ (જીએમવી) રૂ.૧.૪૭ લાખ કરોડ (૧૭.૯ અબજ ડોલર) થઈ છે, જે વાર્ષિક ધોરણે ૩૯ ટકાનો વધારો દર્શાવે છે.

પેટીએમ સુપર એપ્પ ઉપર ગ્રાહકોનું જોડાણ ઉચ્ચસ્તરે રહ્યું છે અને સરેરાશ માસિક ટ્રાન્ઝેક્ટીંગ યુઝર્સ (એમટીયુ)ની સંખ્યા ૯.૩ કરોડ થઈ છે, જે વાર્ષિક ધોરણે ૧૯ ટકાનો વધારો દર્શાવવાની સાથે સાથે કંપનીનો ગ્રાહક બેઝ સતત વિસ્તરી રહ્યો હોવાનો દાખલો પૂરો પાડે છે. સ્ટોક એક્સચેન્જને આપેલી માહિતીમાં પેટીએમ જણાવે છે કે "પેમેન્ટ મોનેટાઈઝેશનમાં અમારી આગેવાની જળવાઈ રહી છે. અમે બે નવી ઈનોવેટીવ ડિવાઈસીસ રજૂ કરીને ભારતની નાની દુકાનો સુધી ટેકનોલોજી પહોંચાડી છે. આ ડિવાઈસીસમાં પેટીએમ પોકેટ સાઉન્ડબોક્સ કે જે વેપારીઓ માટે ડેબીટ કાર્ડ સાઈઝની ડિવાઈસ છે અને બીજી ડિવાઈસ પેટીએમ મ્યુઝિક સાઉન્ડબોક્સ છે. આ ડિવાઈસ વેપારીઓને તેમના ફોન સાથે જોડાવાની સગવડ પૂરી પાડીને સંગીત સાંભળવાની કે મેચની કોમેન્ટ્રી સાંભળવા માટેની તક પૂરી પાડે છે."ટોચની નાણાંકિય સંસ્થાઓની ભાગીદારીમાં પેટીએમનો ક્રેડિટ ડિસ્ટ્રીબ્યુશન બિઝનેસ તંદુરસ્ત વૃધ્ધિ દર્શાવી રહ્યો છે. જુલાઈ માસમાં ૧૪૮ ટકાની વૃધ્ધિ સાથે રૂ.૫,૧૯૪ કરોડ (૬૩૨ મિલિયન ડોલર) ની ચૂકવણી કરીને વાર્ષિક ધોરણે ૧૪૮ ટકાની વૃધ્ધિ હાંસલ કરી છે. કંપનીએ જુલાઈ માસમાં ૪૩ લાખ ધિરાણો (૪૬ ટકા વૃધ્ધિ સાથે) આપ્યા છે. હાલમાં કંપની ધિરાણની સગવડ પૂરી પાડનાર ૮ પાર્ટનર્સ સાથે કામ કરી રહી છે અને ચાલુ નાણાંકિય વર્ષમાં અન્ય ચારથી પાંચ પાર્ટનર્સનો ઉમેરો કરવાનું આયોજન ધરાવે છે.

કંપનીએ મર્ચન્ટ સબસ્ક્રીપ્શનની આવકમાં વૃધ્ધિ દ્વારા તાજેતરમાં જાહેર કરેલા નાણાંકિય વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો (એપ્રિલ થી જૂન, ૨૦૨૩) માં પોતાની કામગીરી મારફતે આવકમાં રૂ.૨,૩૪૨ કરોડની આવક મેળવી છે. કંપનીએ જીએમવી અને ધિરાણોની ચૂકવણીમાં પણ મોટી હરણફાળ ભરી છે.

જલારામ મહિલા મંડળ તરફથી અધિક માસ નિમિત્તે વનભોજનનુ આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જલારામ મહિલા મંડળ તરફથી અધિકમાસ નિમિત્તે વનભોજન તથા ભજન, રમતગમતના પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યું હતું. પીળા પોષક પેહરીને આવેલ દરેક બહેનોએ આનંદ કરેલ પ્રમુખ મિત્તલ રાણા સફળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી ઉષાબેન તથા નીતાબેન ધોકાઈનો સાથ સહકાર પ્રાપ્ત થયેલ. રૂપલ બેન ખાખર તરફથી બેહનો માટે એનર્જી ડ્રીંક આપવામાં આવેલ તથા હાજર રહેલ તમામ બહેનોને ભાનુબેન ઠક્કર તથા રમીલાબેન ઠક્કર તરફથી દીવો આપવામાં આવ્યો હતો. પ્રમુખ મિત્તલબેને રમતો રમાડીને ઈનામો આપ્યા હતા. કારોબારીની બહેનો કુસુમબેન, વિદ્યા બેન, ભાનુબેન, વર્ષાબેન ડિમ્પલ બેન પ્રેરનાબેન, ગીતાબેન, મનોરમાબેન હાજર રહયા હતા.

ચૌધરી ઈન્સ્ટી. ઓફ નર્સિંગ ખાતે બ્રેસ્ટ ફીડીંગ સપ્તાહ કાર્યક્રમની ઉજવણી

ગાંધીનગર, તા.૪

ચૌધરી ઈન્સ્ટી. ઓફ નર્સીંગમાં જીએનએમના ત્રીજા વર્ષમાં અને બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા બ્રેસ્ટ ફીડીંગ સપ્તાહ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. અખીલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટીઓ સહિત પ્રિન્સીપાલ ડો.મયુક જૈન જોડાયા હતા. વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન વધારવાની સાથે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરાયુ હતું અને કોલેજના વાબા ગ્રુપમાં ઓનલાઈન સ્પર્ધામાં પણ ભાગ લેવામાં આવ્યો હતો.

સે. ૨૪ રંગમંચ યોગ વર્ગને બે વર્ષ પુરા થયાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૪

આજે સેક્ટર ૨૪ રંગમંચ યોગ પરિવાર બે વર્ષ અત્રે રંગમંચ ખાતે યોગ ક્લાસ શરૂ કરે પૂરા કર્યા તેની ખુશાલીમાં આજે બધા યોગાર્થીઓએ ભેગા મળીને સેકન્ડ બર્થ ડે સેલિબ્રેશન કર્યો.. ભવ્ય ધૂમધામથી કેક કાપી અને ઉજવણી કરી સુંદર સરસ મજાની યોગ થીમની કેક બનાવી દિવાળીમાં જેમ ફટાકડાની આતશબાજી કરીએ તેવી જ આજે ધુમ ધડાકા સાથેની આતશબાજી કરી ખૂબ જ આનંદ ઉમંગ અને ઉત્સાહથી બધા યોગાથીઓએ બીજું વર્ષ પૂરું કર્યું તેની ખુશીમાં બધા યોગરથીઓ હેપી બર્થ ડે ના નારા લગાવી સેકન્ડ વર્ષ પૂરું કરવાની બધાએ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

રાયસણ સ્થિત સર્વોદય વિદ્યાલયમાં આર્ચરીનો કેમ્પ યોજાઈ ગયો પ્રતિભા એકેડેમી દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરના સહયોગથી સાત દિવસીય આર્ચરી ટ્રેનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. ત્યારે રાયસણ સ્થિત સર્વોદય વિદ્યાલયની ૫૦ વિદ્યાર્થીનીઓએ આ કેમ્પમાં ભાગ લીધો હતો.

પાણી પુરવઠા વિભાગના અધિક સચિવ જયદીપ દ્વિવેદી સરકારી નોકરીમાંથી નિવૃત થતા વિભાગના અધિકારી કર્મચારી દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસિસ કેરમ ટુર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગી

ગાંધીનગર, તા.૪

ચાલુ વર્ષે યોજાનાર ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસિસ કેરમ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ગુજરાત સેક્રેટરીએટ ટીમની સિલેક્શન સ્પર્ધાનું આયોજન સામાન્ય વહીવટ વિભાગ/ કલ્યાણ શાખા દ્વારા તારીખ પહેલીથી ત્રીજી ઓગસ્ટ દરમિયાન નવા સચિવાલય ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કર્મચારી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. ગુજરાત સેક્રેટરીએટ ટીમમા પસંદ થયેલા ખેલાડીઓની વિગત

પુરુષ વિભાગ : પીન્ટુ પરમાર, અજીત જીબા, જીગ્નેશ અંજાન, મહેન્દ્ર ચાવડા, નિલેશ બારીયા, મહેશ ચૌહાણ સ્ટેન્ડ બાય મનિષ ત્રિવેદી, ભરત પટેલ, વેટર્ન વિભાગ પરેશ ગટાડ, શૈલેષ મજમુદાર, સ્ટેન્ડ બાય દિપક પટેલ જયારે મહિલા વિભાગ કીર્તિબેન મહેતા, દક્ષાબેન દેશમુખ, જયશ્રીબેન વસાવા, અંજનાબેન રાઠોડ, શીતલબેન પટેલ, અમીબેન રાવલ, સ્ટેન્ડ બાય ઉર્વશીબેન સુતરીયા, ચેતનાબેન વિજયભાઈ ગોરનો સમાવેશ થાય છે. ગુજરાત સેક્રેટરીએટ ટીમમાં પસંદ થયેલા સૌ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

ઓગસ્ટ મહિનાની પુસ્તક પરબ બલરામ મંદિરે યોજાશે

ગાંધીનગર, તા.૪

ઓગસ્ટ મહિનાની પુસ્તક પરબ તા. ૬ રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેકટર - ૧૨, ઉમિયા મંદિર પાસે, ગાંધીનગરમાં યોજાશે. પરબની મુલાકાત લેવા સહુ નગરજનોને, પુસ્તકપ્રેમીઓ, વડીલો, વિદ્યાર્થીઓને આત્મન સંસ્થા તરફથી વિનંતી છે. મુલાકાતી બે પુસ્તક અને સામયિક પસંદ કરી વિનામૂલ્યે લઈ જઈ શકશે. આ પુસ્તક પરબ માતૃભાષાના પ્રસાર હેતુ, સારા પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન મળે તે હેતુસર માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવે છે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

પતંજલિ યોગ સમિતિ દ્વારા વૃક્ષારોપણ અને વૈદિક હવન સાથે જડીબુટ્ટી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૪

પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર દ્વારા આજે, ૪ ઓગસ્ટ ૨૦૨૩, આચાર્ય બાલકૃષ્ણજીના જન્મદિવસે વૃક્ષારોપણ અને વૈદિક હવન સાથે જડીબુટ્ટી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહિલા પતંજલિ યોગ સમિતિ, ગુજરાત રાજ્યના પ્રભારી સોનિકા દીદી અને ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગીતા બેહન અને તેમની ટીમે સાથે મળીને વૈદિક હવન કર્યો હતો. વૈદિક હવન બાદ સૌએ સાથે મળીને વૃક્ષારોપણ અને જડીબુટ્ટી વિતરણનો કાર્યક્રમ યોજ્યો હતો. જડીબુટ્ટી એકત્ર કરવા માટેના અથાક પ્રયત્નો બદલ ભરતભાઈ અને સહ યુવા પ્રભારી હર્ષિલભાઈનો આભાર માન્યો હતો. પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ, યોગાચાર્ય ડો.કાનજીભાઈ બાવરી, યુવા પ્રભારી પ્રકાશભાઈ બંજારા, ભારત સ્વાભિમાન ટ્રસ્ટના પ્રભારી મહેતાભાઈ, માનસ યોગ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જીજ્ઞેશભાઈ પટેલ તથા શૈલેષભાઈ પ્રજાપતિએ કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન માટે ખૂબ મોટો ફાળો આપ્યો. આ કાર્યક્રમ સંદીપભાઈ પટેલ દ્વારા અપાયેલ ગૌશાળા ભૂમિ ઉપર સંપન્ન થયો હતો. પતંજલિ યોગ સમિતિના અન્ય તમામ કર્મઠ કાર્યકર્તાઓનો મહિલા પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ ડો. નેહલ દેસાઈએ હૃદયના ઊંડાણથી આભાર માન્યો હતો.

સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કુલના બાળકો દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાત

ગાંધીનગર, તા.૪

૨૧ વર્ષ થી કાર્યરત સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કુલ, સેક્ટર - ૧ કે. જી. સ્કુલના બાળકો સાથે પોલીસ સ્ટેશન વિસિટ કરવામાં આવી. જેમાં પોલીસ બસમાં બાળકોને બેસાડી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા. બાળકોએ સૌ પ્રથમ પોતે લખેલું સન્માન ગીત રજૂ કર્યું. પોલીસ ઓફિસરને સલામી આપી, સૂતર અને રુદ્રાક્ષ ના મેડલ પેહરાવી અને ગીફ્ટ કાર્ડ આપી સન્માન કર્યુ. ત્યારબાદ પોલીસ ઓફિસર દ્વારા જુદા જુદા કારતૂસ અને પોલીસ સ્ટેશન ના જુદા જુદા વિભાગ જેવા કે વાયરલેસ રૂમ, જેલ પણ બતાવવામાં આવ્યા. આ મુલાકાત દરમ્યાન પોલીસ ઓફિસર દ્વારા બાળકો માંથી પોલીસ નો ડર દૂર કરવામાં આવ્યો. પોલીસ આપણી રક્ષા કરે છે તે પણ સમજાવવામાં આવ્યું. પોલીસ સ્ટાફ અને ઓફિસર બધા સ્માર્ટ કિડ્સને જોઈને ખુશ થયા હતા.

જન્મદિને વધામણી

પટેલ કવિશ કલ્પેશ

પટેલ સોનલબેન પ્રકાશકુમાર

અક્ષર અધ્વર્યુ

બ્રીજરાજસિંહ એચ.ઝાલા

ધ્યાનેશ સુરાગ જોષી

મહેન્દ્રભાઈ રાઠોડ

પ્રવિણાબા એચ.ઝાલા



ગાંધીનગરની ધી અર્બન કો. ઓ. બેંકના ના પૂર્વ ચેરમેન કાળીદાસ વી. પટેલે ગાંધીનગર સમાચારના સંચાલક કેતનભાઈ પટેલની રૂબરૂ મુલાકાત લઈને તેમને શુભેચ્છા પાઠવી હતી.